## મૌલિક અભ્યાસ અને સંશોધનનું આવેદન

## Statement Of the Research

ઇયત્તા અને ગુણવત્તાની દૃષ્ટિએ ગુજરાતી કાવ્યસાહિત્યમાં ગઝલનો મબલખ ફાલ ઉતરે છે, પરંતુ એમાં શુદ્ધ ગઝલ કેટલી ? તંત્રી-સંપાદકોમાં ગઝલની સૂઝના અભાવને કારણે મહદ્અંશે ગઝલ-સદૃશ રચનાઓ સામયિકોમાં પ્રગટ થતી રહે છે. ગુજરાતી ગઝલની ગતિવિધિને અવલોકતાં આપણી સમક્ષ કેટલાંક સ્વરૂપલક્ષી-આકારલક્ષી પ્રશ્નો ઉભા થાય છે. આજપર્યંત આવા મૂલગત પ્રશ્નો પરત્વે એક યા બીજા કારણસર દુર્લક્ષ સેવાયું છે, કાં તો સપાટી પરની ચર્ચાઓ થઇ છે. ગુજરાતી કવિતામાં રૂઢ થઇ ચૂકેલા આ ફારસી કાવ્યસ્વરૂપ સામે હવે જ્યારે સ્વરૂપ અને આકારને અનુલક્ષીને મુગ્ધ અકપતાં શરૂ થયાં છે, ત્યારે તેના મિજાજવિશેષને જાળવવાનો સમય પાકી ગયો છે. નવી પેઢી સમજપૂર્વક ગઝલની સિસૃક્ષા કરે તો અન્ય કાવ્યસ્વરૂપોની જેમ ગઝલ પણ પોતાની અલાયદી ઓળખ જાળવી શકે. આ સંદર્ભમાં થોડાક મુદ્દાઓને કેન્દ્રમાં રાખીને હું '૧૯૪૨ પછીની ગુજરાતી ગઝલની સૌંદર્યમીમાંસા' લખવા પ્રેરાયો છું. આ રહ્યાં એ મુદ્દાઓ -

૧) ગઝલ અનવદ્ય સૌંદર્યલક્ષી કાવ્યપ્રકાર હોવાથી તેના સૌંદર્યલક્ષી પાસાંઓનું અધ્યયન તેના વ્યાવર્તક લક્ષણોના પરિપ્રેક્ષ્યમાં થવું જોઇએ, જેથી સાચા અર્થમાં ગઝલનું સૌંદર્ય પામી શકાય. આવા સૌંદર્યલક્ષી પાસાંઓની મેં સૌપ્રથમ વિશદ છણાવટ કરી છે એમ નમ્રતાપૂર્વક કહીશ. ગઝલના આંતર-બાહ્ય ઘટકો તેના સૌંદર્યને કેવી રીતે પ્રભાવિત કરે છે તેની ચર્ચા કરી છે, એ વાતની નોંધ લેવી જોઇએ કે વિશ્વસાહિત્યમાં સૌંદર્યમૂલક દૃષ્ટિકોણ પરત્વે મહદ્અંશે સામ્ય જોવા મળે છે.

૨) ગઝલ ફારસી કાવ્યપ્રકાર હોવાથી ફારસી કાવ્યશાસ્ત્રના માપદંડોથી તેનું મૂલ્યાંકન થાય તો મૂળનું સૌંદર્ય પમાય, પણ માત્ર પૌર્વાત્ય કે પાશ્ચાત્ય કાવ્યસાહિત્યનાં સિદ્ધાંતોથી તેનું મૂલ્યાંકન કરાય તો તેનું અણીશુદ્ધ સૌંદર્ય ગુમાવ્યાનો અફસોસ રહે. છંદ જેવા બાહ્ય વિશેષોના સંદર્ભમાં ગઝલનો મિજાજ જાળવીને સંસ્કૃત વૃત્તો પણ યોજાય તો તે આવકાર્ય છે. ફારસી

અને સંસ્કૃત કવિતાની વિશેષતા એ છે કે બંનેમાં ભૌતિક સૌંદર્ય અને પ્રેમના ભાવોનું આધિક્ય છે. તેથી જ બંનેના છંદો થોડાઘણા તડજોડ સાથે યોજી શકાય છે. છંદોલય સહજ રીતે સધાય છે. ગઝલનું આકારલક્ષી સૌંદર્ય નંદવાતું નથી. તેવી જ રીતે ગઝલ સાથે અન્ય કાવ્યસ્વરૂપોનું સંયોજન પણ ગઝલની ન્યૂનતમ અનિવાર્યતાઓને જાળવીને કરી શકાય, તેની મેં ચર્ચા કરી છે.

3) અરબી-ફારસી સાહિત્યમાં ગઝલના ઉદ્‌ભવકાલીન પરિબળો-પૃષ્ઠભૂમિના અભ્યાસ દ્વારા મૂળમાં જઇને મેં તપાસ આદરી છે અને મારા મનમાં ઉપસ્થિત થયેલા કેટલાક નિમ્નલિખિત પ્રશ્નોનો સંતોષકારક ઉત્તર મેળવવાનો પ્રયાસ કર્યો છે :

: ૧ : ઇરાન પછી ગઝલ સૌથી વિશેષ ભારતમાં જ કેમ વિકસી ?

: ૨ : તેમાં કેન્દ્રસ્થાને સ્ત્રીને જ શાથી મહત્ત્વ અપાયું ?

: ૩ : ગઝલ મુખ્યત્વે પ્રેમોર્મિની વાહક કેમ ?

: ૪ : ગઝલના સમકાલીન કાવ્યપ્રકારોમાં ભાવ કે વિચારની સળંગ-સૂત્રતા જોવા મળે છે, જ્યારે ગઝલનું સ્વરૂપ વિશૃંખલ કેમ ?

૪) 'તગઝ્ઝુલ' જેવા ગઝલના અતિમહત્ત્વના અંતરંગ-તત્ત્વ વિષે ગુજરાતી ગઝલસાહિત્યમાં ગેરસમજ પ્રવર્તે છે. ઉપરછલ્લી અને વિરોધાભાસી ચર્ચાઓ જોવા મળે છે. તગઝ્ઝુલ વિષે વિસ્તૃત છણાવટ કરીને હું એ નિર્ણય સુધી પહોંચ્યો છું કે 'તગઝ્ઝુલ' એટલે 'શૃંગારનું વર્ણન' નહીં, કિન્તુ 'ગઝલની વિશિષ્ટ વર્ણનશૈલી.'

૫) સૂફીવાદથી સાચા અર્થમાં ગઝલનો વિકાસ આરંભાયો. માનવપ્રેમથી દિવ્યપ્રેમ તરફની તેની ગતિને કારણે ગઝલમાં ઊંડાણ અને વિષય-વ્યાપ વધ્યા. આશૂક, માશૂક, જામ, સાકી, મદિરા જેવાં પ્રતીકોને કારણે તેમાં સાંકેતિકતા આવી. અધ્યાત્મ અને દર્શનને વ્યક્ત કરવાના સૂફીકવિઓના વલણને લીધે ગઝલને સંકુલ વિચારોને વ્યક્ત કરવાનો અવકાશ પ્રાપ્ત થયો. તેમાં વ્યંજકતા આવી. સૂફીવાદ અને ગઝલના આવા તાત્ત્વિક સંબંધની ચર્ચા પૂર્વે નહિવત્ થઇ હોવાથી મેં અત્રે ગઝલમાં સૂફીવાદની ભૂમિકાનો વિસ્તૃત ઉલ્લેખ કર્યો છે.

- -

૬) મુખ્યત્વે સાંપ્રત ગઝલકારો મત્લા-મકતા કે રદીફ-કાફિયા જેવા ગઝલના બાહ્ય ઉપકરણોને જ ગઝલસ્વરૂપનું સર્વસ્વ સમજે છે, તેમાં જ ગઝલસર્જનની ઇતિશ્રી માને છે અને ગઝલના અંતસ્તત્ત્વ ની અવહેલના કરે છે. મારો અહીં ગઝલના અંતસ્તત્ત્વની વિશદ ચર્ચા કરવાનો ઉપક્રમ છે, કારણ કે ગઝલ-સદૃશ રચનાઓ પાછળ ગઝલતત્ત્વની સૂઝનો અભાવ જ કારણભૂત હોવાનું મને જણાયું છે. વળી મત્લા-મકતા કે રદીફ-કાફિયા ગઝલના કેવળ બાહ્યઘટકો જ નથી, ગઝલના અંતરંગ સાથે તેમનો સૂક્ષ્મ સંબંધ છે. ગઝલને તે કેવી રીતે આંતરિક સમગ્રતા-લય આપે છે તેનું મેં વિસ્તારપૂર્વક દર્શન કરાવ્યુ છે.

૭) ગુજરાતી કાવ્યસાહિત્યમાં હજુ સુધી ગઝલસ્વરૂપ વિષે અત થી ઇતિ સુધી કોઇ સળંગ ગ્રંથ પ્રાપ્ત નથી. મહદ્અંશે સામયિકોમાં પ્રસિદ્ધ થતા પ્રકીર્ણ લેખો કે જુદા જુદા પ્રસંગે અપાયેલાં વ્યાખ્યાનો જ અંતે પુસ્તકરૂપે પ્રગટ થાય છે. તેથી ગઝલનું સૌંદર્ય, સ્વરૂપ, વિકાસ અને પૃષ્ઠભૂમિનું આ મહાનિબંધમાં ઐતિહાસિક ક્રમબદ્ધતા અને સ્વરૂપનિષ્ઠાને અનુલક્ષીને મેં સૌપ્રથમ સમગ્રતયા દર્શન કરાવ્યું છે.

૮) ગઝલની 'શેરિયત' થી વંચિત મુગ્ધ ગઝલસર્જકોને 'શેરિયત' ની સમજ આપવાનો મારો હેતુ છે. શેરના બે ચરણો વચ્ચે ભાવનો ચમત્કૃતિજન્ય સંબંધ હોય છે. પ્રથમ ચરણમાં રહસ્ય સર્જાય અને બીજા ચરણમાં જનોઇવઢ ઘાની જેમ તેનું ઉદ્ઘાટન થાય. આ લક્ષણ જ ગઝલના મિજાજ વિશેષની પરખ છે.

૯) પ્રતિબદ્ધતા અને આધુનિકતાનું અનુસંધાન ગઝલના સ્વરૂપને જાળવીને કેવાં કેવાં સૌંદર્ય-ઉન્મેષો પ્રગટાવી શકે છે તે તરફ મેં અંગુલિનિર્દેશ કર્યો છે. આમાં ગઝલની અનુનેયતા ઉપકારક નીવડે છે.

૧૦) ફારસીમાં ૧૦૦૦ વર્ષ, ઉર્દૂમાં ૬૦૦ વર્ષ અને ગુજરાતીમાં લગભગ ૧૨૫ વર્ષની સુદીર્ઘ પરંપરા ધરાવતી ગઝલ પ્રત્યેક યુગમાં કયાં કારણોસર પોતાનું અસ્તિત્વ અને લોકપ્રિયતા ટકાવી શકી ? કેટલાંક કાવ્યસ્વરૂપો કાળના પ્રવાહમાં લુપ્ત થઇ ગયાં, તે આપણને સુવિદિત છે જ. પરંતુ ગઝલના સ્વરૂપમાં જ એવું લવચીકપણું છે જેથી એ દરેક યુગના પરિબળોને અનુરૂપ પોતાને ઢાળી લે છે એ તથ્યની મેં વિશદ ચર્ચા કરી છે.

- -

૧૧) ૧૯૪૨ પછી ગુજરાતી ગઝલ સવિશેષ તેના શીલ અને સૌંદર્ય સિદ્ધ કરે છે. તેથી તે પછીના ગુજરાતી ગઝલના પ્રવાહોનું અવલોકન કરાવી, તેમની ઉપર સમકાલીન પરિબળો-પ્રવાહોનો પ્રભાવ, તેમની વિશેષતાઓ, જે તે પ્રવાહે પ્રગટાવેલા સૌંદર્યલક્ષી ઉન્મેષોનું દર્શન કરાવ્યું છે. ગઝલના ગુણ-દોષોના સ્વરૂપલક્ષી પૃથક્કરણ દ્વારા ગઝલમાં સૌંદર્ય-તત્ત્વ ક્યાં અને કેટલું છે તેની તપાસ આદરી છે. અંતે એ સ્પષ્ટ થાય છે કે સૌંદર્ય સ્વચ્છંદતાથી નહીં, પરંતુ કલાની શિસ્ત દ્વારા પ્રગટે છે.

૧૨) અંતે હાઇકુ-સોનેટ જેવા પરકીય કાવ્યપ્રકારોની જેમ જ ગઝલનું સાચું સ્વરૂપદર્શન કરાવવાનો મારો પ્રયાસ છે. ગઝલ અરબી-ફારસી દ્વારા ગુજરાતીમાં આવી અને ઉર્દૂનો તેની ઉપર પ્રભાવ રહ્યો. આ ભાષાઓમાં આપણો પ્રવેશ નહિવત્ હોવાથી આપણને પ્રાપ્ત ગઝલવિષયક જ્ઞાન અધુરું, અધકચરું, અવિશ્વનીય કે અંધાનુકરણપ્રેરિત રહ્યું છે. મેં તે તે ભાષાસાહિત્યના અભ્યાસ દ્વારા ગઝલના મૂળમાં જવાનો પ્રયાસ કર્યો છે, જેથી તેનું સાચું સ્વરૂપદર્શન શક્ય બને.